# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૧૦ * જૂન, ૨૦૧૧



ભગવાન અંતર્મુખતત્ત્વ આત્મા...એને અંતર્મુખ વાળીને આશ્રય કરવો એ જ વસ્તુમાં પહેલાંમાં પહેલી ચીજ ત્યાંથી શરૂ થાય છે....ઈ પાત્રતા...બીજી કોઈ પાત્રતા નથી; ઈ જ પાત્રતા છે. એને શાસ્ત્રમાં પાત્રતા કીધી છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ અહીં સોમ નામના રાજશ્રેષ્ઠી કહે છે કે ભગવાન! આ વ્રતાદિ સંવરના કારણોમાં સંવર–અનુપ્રેક્ષા જ સારભૂત છે, તે જ સંવર કરશે, તો પછી વિશેષ વિસ્તારથી શો લાભ? ભગવાન નેમિચંદ્ર આચાર્ય કહે છે—ત્રિગુપ્તિ લક્ષણવાળી નિર્વિકલ્પસમાધિમાં સ્થિત મુનિઓને તેનાથી જ (સંવર–અનુપ્રેક્ષાથી જ) સંવર થઈ જાય છે પણ તેમાં અસમર્થ જીવોને અનેક પ્રકારે સંવરનો પ્રતિપક્ષી એવો મોહ ઉત્પન્ન થાય છે તે કારણે આચાર્યો વ્રતાદિનું વિસ્તાર–કથન કરે છે. ૧૨૧૫.

*(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૫)*

✻ હે ભગવાન! તમારા જે સ્તોત્રના વિષયમાં ઈન્દ્ર અશક્ત છે, ઈશ્વર (મહાદેવ) અનીશ્વર (અસમર્થ) છે તથા ધરણેન્દ્ર પણ અસમર્થ છે; તે મારા સ્તોત્રના વિષયમાં હું નિર્બુદ્ધિ કવિ (કેવી રીતે) સમર્થ થઈ શકું? અર્થાત્ થઈ શકું નહીં તેથી ક્ષમા કરો. ૧૨૧૬. *(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક–૫૯)*

✻ જિનકા આત્મા સત્પુરુષોંકે સંસર્ગરૂપી અમૃતકે ઝરનેસે આર્દ્ર (ભીંજા હુઆ–ગીલા) રહતા હૈં ઉન પુરુષોંકે હી ભોગ સુલભ હોતે હૈં ઔર ઉનકે હી ઉન પ્રાપ્ત હુએ ભોગોંમેં તૃષ્ણાકી નિવૃત્તિ (નિસ્પૃહતા) હોતી હૈં. ૧૨૧૭.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૧૫, શ્લોક–૨૦)*

✻ જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ જ્યારે આત્મા અને શરીરમા એકપણાને નયના વિભાગની યુક્તિ વડે જડમૂળથી ઉખેડી નાખ્યું છે–અત્યંત નિષેધ્યું છે, ત્યારે ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને ન પામે? અવશ્ય પામે જ. કેવું થઈને? પોતાના નિજરસના વેગથી ખેંચાઈને પ્રગટ થતું એકસ્વરૂપ થઈને. ૧૨૧૮. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૨૮)*

✻ જ્ઞાનીઓની કર્મથી ઉત્પન્ન થવાવાળી ક્રિયા બંધના નિમિત્તરૂપ થતી નથી એ તો દૂર રહો અર્થાત્ તેમાં તો કોઈ આશ્ચર્ય નથી પરંતુ આશ્ચર્ય તો એ છે કે તેમની જેટલી કોઈ ક્રિયા છે તે સર્વ ક્રિયા પૂર્વબદ્ધ કર્મોની નિર્જરાના જ નિમિત્તરૂપ થાય છે. ૧૨૧૯. *(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી ઉત્તરાર્ધ, ગાથા–૨૩૦)*

વર્ષ-૫
અંક-૧૦




સંવત
૨૦૬૭
JUNE
A.D. 2011

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# હિંસા-અહિંસાનું અસલી સ્વરૂપ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૫૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધ્યાયની ૧૨૪મી ગાથા છે. તેમાં શું કહે છે? મોક્ષની વાત ચાલે છે. મોક્ષ એટલે 'આત્માની પૂર્ણ જ્ઞાનાનંદદશા.'

(ભાવાર્થની પાંચમી લાઈન છે) 'મોક્ષ તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોથી આશ્રિત છે. માટે સૌથી ઉત્કૃષ્ટ છે. તીર્થંકર જેવા મહાપુરુષોને જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી એક તેની જ ભાવના હોય છે. એક મોક્ષનો જ તેમને આશ્રય હોય છે. માટે આ જગતમાં મોક્ષ જ પરમ ઉત્કૃષ્ટ છે. પ્રગટ કરવાની અપેક્ષાએ મોક્ષ જ ઉત્કૃષ્ટ છે. તીર્થંકર પરમદેવોને મોક્ષ અર્થાત્ પૂર્ણદશા પ્રગટ કરવાનું જ ધ્યેય છે.

આમ તો, દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ તીર્થંકર આદિ સર્વ મહાપુરુષોને દ્રવ્યસ્વભાવ જ આદરણીય છે પણ પ્રગટ કરવાની અપેક્ષાએ મોક્ષ જ આદરણીય છે. સર્વોત્કૃષ્ટ વસ્તુ તો એકરૂપ ત્રિકાળી ભગવાન આત્મા કારણપરમાત્મા જ સર્વોત્કૃષ્ટ છે પણ અહીં તો મોક્ષની વાત ચાલે છે. તેથી કહે છે કે મોક્ષપદાર્થનો આશ્રય તો મહાપુરુષોએ કર્યો છે. મોક્ષ સિવાય કોઈ અન્ય પદાર્થ ઉત્કૃષ્ટ નથી. મોક્ષ જ સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. માટે તે જ પ્રગટ કરવાલાયક છે.

અહીં, પરદ્રવ્યની ઈચ્છાને રોકીને—એમ નાસ્તિથી વાત શરૂ કરીને કહે છે કે સ્વદ્રવ્ય તરફના ધ્યેયમાં અટકીને જ્ઞાન-દર્શન-આનંદમય એકરૂપ સ્વભાવને ધ્યેય કરીને, પરદ્રવ્યની ઈચ્છાને રોકીને, વીતરાગ પરમાનંદસ્વરૂપના ધ્યાનમાં ઠરીને તું ઘર-પરિવારાદિનું મમત્વ છોડ!

નિજ અખંડસ્વરૂપને ધ્યેય કરવાથી તેનું ધ્યાન થાય તે દ્વારા જ ઘર--પરિવારનું મમત્વ છૂટશે. બધાની મમતા છોડીને, એક કેવળ નિજસ્વરૂપની ભાવના કરવી એ જ તાત્પર્ય છે. ભગવાન આત્માનો એક સમયમાં પરિપૂર્ણ અંતર્મુખ એકરૂપ સ્વભાવ જ આશ્રય કરવાલાયક છે, તેની જ ભાવના કરવા યોગ્ય છે એટલે કે તેમાં એકાગ્રતા કરવાલાયક છે. આત્મભાવના સિવાય અન્ય કાંઈ કરવાયોગ્ય નથી. જેમાં અનંત જ્ઞાન, આનંદની પૂર્ણ ખાણ પડી છે એવા ભગવાન આત્માની ભાવના સિવાય અન્ય કાંઈપણ કરવાયોગ્ય નથી. બહુ ટૂંકામાં બહુ કહી દીધું છે.

હવે ૧૨૫ ગાથામાં જીવહિંસાનો દોષ બતાવે છે.

मारिवि जीवहँ लक्खडा जं जिय पाउ करीसि।
पुत्त–कलत्तहँ कारणई तं तुहुँ एक्क सहीसि॥१२५॥

અર્થ : હે જીવ! તું પુત્રાદિ પરિવાર માટે લાખો જીવોને મારીને જે પાપ કરે છે તેના ફળને તો તું એકલો જ ભોગવીશ અર્થાત્ તારે એકલાએ જ દુઃખ ભોગવવું પડશે.

એકબાજુ કહે કે એક જીવ બીજા જીવને મારી કે જીવાડી શકે નહીં. ત્રણ કાળમાં કોઈ જીવ કોઈ અન્ય જીવને મારી ન શકે અને અહીં કહે છે કે લાખો જીવોને મારીને તેનું ફળ તું એકલો જ ભોગવીશ. તો શું એક જીવ બીજા જીવોને મારી શકે છે? ના. કોઈ જીવ કોઈને મારી શકતો નથી પણ મારવાના ભાવ કરે છે તેનું તેને પાપ બંધાય છે. બીજા જીવોને "હું મારી નાખું" એવા ઉગ્ર સંક્લેશ પરિણામને બીજાના મરણમાં નિમિત્ત ગણીને તેણે મારી નાખ્યા એમ ગણવામાં આવે છે.

વસ્તુની મર્યાદા તો એવી છે કે 'ભગવાન આત્મા' પરજીવના મૃત્યુ અને જીવનમાં કારણ નથી. સ્વભાવદૃષ્ટિએ જોઈએ તો સ્વભાવ અને સ્વભાવદૃષ્ટિવાન જીવ તો પરજીવને મારવા–જીવાડવાના 'રાગ'નું પણ કારણ નથી. અજ્ઞાનભાવમાં પરજીવને મારવા-જીવાડવાનો ભાવ પર્યાયમાં થાય છે. છતાં પરજીવને મારવા–જીવાડવાનું કારણપણું તો તેના પર્યાયધર્મમાં પણ નથી. પરજીવ મરે ત્યારે અજ્ઞાનીના રાગને નિમિત્ત કહેવામાં આવે છે, એ રાગનું કારણ એનો અજ્ઞાનભાવ છે. પરજીવનું મરણ તો તેની સ્થિતિ પૂરી થયે જ થાય છે પણ જેણે તેને મારવાનો ભાવ કર્યો હતો તેને પેલાના મરણમાં નિમિત્ત કહેવામાં આવે છે.

આના પછીની ગાથામાં તો મારવા ઉપરાંત ચૂરવાની પણ વાત કહેશે પણ તે બધા કથનોની અપેક્ષા પોતે સમજવી જોઈએ. કઈ નયનું કથન છે તે સમજવું જોઈએ. અહીં તો એ ઉપદેશ્યું છે કે ભાઈ! તને જે બીજાને મારવાના ભાવ થાય છે તેનાથી તને દુઃખ થાય છે. ભાઈ! તું એ પાપભાવને છોડ! બાકી, સ્વભાવ અને સ્વભાવદૃષ્ટિવંત ધર્મી જીવ તો બીજાના મરણના કારણ તો નથી પણ મારવાના ભાવના કારણરૂપ નથી. વસ્તુનો સ્વભાવ રાગનું કારણ નથી તો ધર્મીની દૃષ્ટિ પણ રાગનું કારણ થતી નથી કેમ કે ધર્મીની દૃષ્ટિ તો દ્રવ્યસ્વભાવ ઉપર રહેલી છે.

કુંદકુંદઆચાર્ય તો સમયસારમાં કહે છે કે હું બીજાને મારી શકું છું કે બીજાને જીવાડી શકું છું એવી માન્યતા 'આત્મ હનો ભવન્તિ' અર્થાત્ એ માન્યતા પોતાના આત્માને હણનારી છે. એ મિથ્યાત્વરૂપ માન્યતા છે.

વળી બીજી રીતે જોઈએ તો આત્મામાં 'અકાર્યકારણ' સ્વભાવ રહેલો છે. તેથી આત્મા રાગનું કારણ થાય એવો તેનો સ્વભાવ નથી તેમ જ રાગથી આત્મામાં મોક્ષની પર્યાય થાય—રાગ આત્માના મોક્ષનું કારણ થાય એવો આત્માનો સ્વભાવ નથી. માટે, સમ્યગ્દૃષ્ટિજીવ રાગના કારણરૂપ થતા નથી અને રાગને કારણ બનાવીને નિર્મળપર્યાય થાય એવા કાર્યરૂપ પણ જ્ઞાની નથી.

અપેક્ષા સમજ્યા વગર લાખો જીવની હિંસા જીવ કરી શકે છે એ વાત પણ સાચી અને પરજીવને મારી-જીવાડી શકતો નથી એ વાત પણ સાચી માને તો એમાં શું નિર્ણય થાય? શું એવું અનેકાંતનું સ્વરૂપ છે?

જીવની પર્યાયમાં રાગ થાય છે અને તે રાગનું લક્ષ પર ઉપર છે એવી પર્યાયને જાણનારી એક નય છે તે વ્યવહારનય છે પણ અજ્ઞાનીને તો દૃષ્ટિ જ વિકાર ઉપર છે. તેથી તે પરને મારે છે એમ ઉપચારથી કથન કરવામાં આવે છે. અજ્ઞાનીનું લક્ષ પરમાં અને વિકારમાં જ છે. તેથી એમ માને છે કે મારે તો આ બૈરા–છોકરાં માટે આવા પાપ કરવા પડે છે—એમ પરને નિમિત્ત બનાવીને પોતે પાપભાવ કરે છે તેથી તેને પરજીવના મરણમાં નિમિત્ત કારણ કહેવાય છે. અજ્ઞાનીજીવની દૃષ્ટિએ કથન કર્યું છે કે તું સ્ત્રી, પુત્ર, પરિવાર માટે પાપભાવ કરે છો પણ તેનું ફળ તો તારે એકલાએ જ ભોગવવું પડશે.

અહીં, જેની દૃષ્ટિ વિપરીત છે એવા મિથ્યાદૃષ્ટિની વાત લીધી છે કે જે એમ

માને છે કે હું રાગ કરું છું અને રાગ વડે બીજાને મારી શકું છું એમ ઈ માને છે તેને યોગીન્દુદેવ કહે છે કે ભાઈ! તું પુત્રાદિ પરિવાર માટે હિંસા, જૂઠું, ચોરી, કુશીલ, પરિગ્રહ આદિ અનેક પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ આદિના ભાવ કરે છો અને અંતરંગમાં શુદ્ધચૈતન્યપ્રાણનો ઘાત કરે છો તે ભાવોને છોડ!

ભગવાન જ્ઞાનમૂર્તિપ્રભુ અનાકુળ આનંદથી પૂર્ણ ભરેલો સ્વભાવ છે. અરે, અકાર્યકારણના ગુણથી પણ પૂર્ણ ભરેલો છે તેને નહિ માનીને, રાગનું કારણ થવાનું માનીને તે ચૈતન્યના ભાવપ્રાણની હિંસા કરે છે.

ચૈતન્યનો મારગ નિરાળો છે પ્રભુ! તેનું વાસ્તવિક સ્વરૂપ એવું છે કે તે પરને કારણ ન થાય અને પરથી એનું કાર્ય ન થાય. બાયડી છોકરાને આત્મા રાજી રાખવાનું કારણ થાય એવો કોઈ આત્મામાં ગુણ નથી તેમજ રાગના કારણે આત્મામાં શાંતિનું કાર્ય થાય એવો પણ કોઈ ગુણ આત્મામાં નથી. 'અકાર્યકારણ' નામનો ગુણ આત્મામાં પૂર્ણ ઠસોઠસ સામર્થ્યથી ભરેલો છે–એવા સ્વભાવને દૃષ્ટિમાં ન લઈને પરના નિમિત્તે વિકાર કરીને ચૈતન્યના ભાવપ્રાણને રાગ-દ્વેષ વડે પર્યાયમાં હણી નાખે છે. પરને કારણ ન થાય અને પોતે પરનું કાર્ય ન થાય અર્થાત્ પરથી પોતાનો ભાવ પ્રગટ ન થાય એવો જે જીવનો ભાવપ્રાણ છે તેને મિથ્યાદૃષ્ટિ હણી નાખે છે.

શ્રોતા :—ભાવપ્રાણને હણે છે એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતાનો જે જ્ઞાન, આનંદ, અકાર્યકારણ એવો જે શુદ્ધ સ્વભાવરૂપ ભાવપ્રાણ છે તેને શુદ્ધરૂપે પ્રગટ નહીં કરતાં અશુદ્ધરૂપે પ્રગટ કરે છે તેને ભાવપ્રાણને હણ્યો કહેવાય છે. શુદ્ધ જ્ઞાનાનંદ અકાર્યકારણસ્વભાવને લક્ષમાં લઈને તેની દશામાં નિર્મળતા પ્રગટ થવી તે જીવનો વાસ્તવિક સ્વભાવ છે. તેમાં જીવની અહિંસા થાય છે પણ એવો નિર્મળભાવ પ્રગટ નહીં કરતાં હું બીજાને મારું–જીવાડું છું એવી જે રાગ સાથે એકતાબુદ્ધ છે તેને કારણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે જે શુદ્ધભાવપ્રાણ છે તે ઉપજતાં નથી માટે તેણે એ ભાવપ્રાણને હણ્યા કહેવાય છે. સમ્યગ્દર્શનને બદલે મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે તેમાં આત્માની ભાવહિંસા થાય છે.

આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનો કંદ પ્રભુ છે. ત્રણ કાળ ત્રણ લોક તે વિકલ્પનું કારણ થાય કે વિકલ્પને કારણ બનાવે એવું તેનું સ્વરૂપ જ નથી. છતાં, અજ્ઞાની જીવ પરને કારણ બનાવીને, પરમાં કાર્ય કરવા જાય છે પણ પરમાં તો કાર્ય થતું નથી તેથી

પોતાના ભાવપ્રાણ કે જે પોતાનું જીવન છે તે હણાય છે અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવ પ્રગટ થતો નથી માટે તેણે પર્યાયમાં તેનો નાશ કર્યો કહેવાય છે. એણે જીવના જીવનને માર્યું છે–હણ્યું છે એ પોતાના જીવને મારે છે.

ભગવાન આત્માનું જીવન એટલે શુદ્ધ ચૈતન્ય અનંતગુણના પિંડને કારણ બનાવીને–વારંવાર અંદરમાં લક્ષ કરીને જે નિર્મળ કાર્ય આવે એટલે કે મોક્ષ કે મોક્ષમાર્ગરૂપ શાંતિનું કાર્ય આવે એ આત્માનું વાસ્તવિક જીવન છે. એ જ જીવનું જીવતર છે. એવા જીવનને ઉત્પન્ન ન કરતાં સ્વભાવને રાગ-દ્વેષનું કારણ માનીને, સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિને બદલે તેનો ઘાત કરીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે છે તેમાં પોતાના ચૈતન્યપ્રાણનો ઘાત થાય છે.

ચૈતન્યપ્રાણનો ઘાત એટલે શું ત્રિકાળી આત્માનો ઘાત થાય છે? ના. વસ્તુ તો વસ્તુ જ છે. તેનો ઘાત થતો જ નથી. પર્યાય પણ નિર્મળ હતી ને તેનો ઘાત કર્યો—એમ નથી. સ્વના લક્ષે સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-શાંતિ પ્રગટ નહીં કરતાં પર્યાયમાં મિથ્યાત્વ, રાગ ને દ્વેષ ઉત્પન્ન કરે છે માટે પર્યાયમાં ચૈતન્યપ્રાણનો ઘાત થયો. શુદ્ધ આનંદકંદને કારણ બનાવીને કાર્યમાં વીતરાગતા પ્રગટાવવી એ સ્વરૂપની જાત છે એ જ સ્વરૂપ છે એમ દ્રષ્ટિમાં ન રાખતા પુણ્ય-પાપમાં એકત્વ માની, હું બીજાને મારું છું એમ માની પોતાની શાંતિના જીવનને ઉત્પન્ન કરતો નથી એટલે તેણે ચૈતન્યપ્રાણને હણ્યો કહેવામાં આવે છે. આમાં પોતાના પ્રાણ મેલા થાય છે, મલિન થાય છે.

અજ્ઞાનભાવે જીવ શુદ્ધચૈતન્યભાવને નહીં કરતાં રાગ-દ્વેષાદિ કરીને પોતાના પ્રાણને મેલા કરી શકે છે, બીજું એ શું કરી શકે! પરને મારે છે એ તો વ્યવહારથી ઉપદેશમાં એમ જ કથન થાય. ભાઈ! આવા પાપ કરીને તું નરકાદિમાં જઈશ ત્યાં તારે એકલાને દુઃખ ભોગવવા પડશે હો! જેને માટે તું પાપ કરે છે એ તારી સાથે પાપમાં પણ ભાગ પડાવવા નહીં આવે. આમાં જેને સમજવું હોય તે સમજી જાય. ન સમજે તો એનું એ જાણે.

શ્રી નિયમસારમાં કહ્યું છે કે 'આવા સુંદરમાર્ગની કોઈ ઈર્ષાથી નિંદા કરે તો તું સુંદરમાર્ગની ભક્તિ છોડીશ નહીં.' અરે! આ સત્ય છે છતાં લોકો કેમ આટલો વિરોધ અને નિંદા કરે છે'! (એમ નહીં જો) એ ભલે કરે પણ તું તને જે સત્માર્ગની રુચિ અને ભક્તિ થઈ છે તે છોડીશ નહીં. સત્ય વાતની કદર કરનારા તો ઘણા હોવા

જોઈએ એમ ન હોય. અરે! વિરોધીઓ મુનિઓને ઘાણીમાં નાખીને પીલે પણ છે. મુનિઓને ઘાણીમાં પીલે છે એમ કહેવાય પણ શું મુનિ પીલાય છે? મુનિને તો શરીરથી ભિન્ન ચૈતન્યનો ભાવ ભાસ્યો છે તેથી કાંઈપણ દુઃખ કે પીડાનો અંશ પણ ઉત્પન્ન થતો નથી. ઘાણીમાં પીલાવા કાળે પણ મુનિને જે સ્વરૂપની દૃષ્ટિ પડી છે તે ભગવાનને કારણ બનાવીને નિર્મળકાર્ય થયા કરે છે.

હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહિ કામ જો ને!
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જો ને!

દુનિયાની વાત છોડ! ભગવાનનું શરણ લેવું હોય તો દુનિયાની લાજ છોડી દે! દુનિયા શું કહેશે એ વાતની એને અસર ન હોય. અરે ભગવાન! તારા આત્માની જીવતી જ્યોત પડી છે ને! સત્‌ના શરણે શાંતિ અને શ્રદ્ધા-જ્ઞાનનું જીવન જીવ ને!

સત્‌નું જીવન ન જીવતાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષની એકત્વબુદ્ધિએ અત્યારે તારા પ્રાણ હણાય છે ભાઈ! તેમાં ઘાતિકર્મ તો બંધાય છે પણ અઘાતિ કર્મ પણ બંધાય છે તેના ફળ ભોગવવા ભવિષ્યમાં તને આકરાં પડશે. બહારમાં અનેક જીવોની હિંસા કરીને પોતે અશુભકર્મને ઉત્પન્ન કરે છે. પોતાના ભાવપ્રાણ તો હણાય જ છે સાથે બીજાને મારવાનો ભાવ છે તેનાથી અશુભકર્મ બંધાય છે. ઘાતિ અને અઘાતિ બંને અશુભકર્મનું ઉપાર્જન થાય છે તેનું ફળ નરકાદિગતિમાં તારે એકલું સહન કરવું પડશે. આ સંયોગથી કથન કર્યું છે. નરકગતિમાં પણ જીવ તો પોતાના ભાવને જ ભોગવે છે પણ પરના નિમિત્તે જે મારવા આદિના ભાવ કર્યા તેના ફળમાં એવા પરના સંયોગમાં જઈશ ત્યારે આકરૂં પડી જશે–રાડ નાંખી જઈશ. પહેલાં આવી ગયું કે ભાઈ! થોડી પ્રતિકૂળતા પણ તારાથી સહન થતી નથી તો મહાન પ્રતિકૂળતા અને દુઃખ થાય એવા ભાવને શું કામ સેવે છે?

શ્રોતા : દુઃખમાં બીજા કોઈ ભાગીદાર નહિ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ હવે તમે જ નક્કી કરો. બૈરા-છોકરાં માટે આટલા પાપ કરો છો તો એ ભોગવવા સાથે આવશે કે નહીં? બાપા! નક્કી કરો! તમે કાલે એમ કહેતાં હતાં કે આ ઘરનાએ મને જીવતો રાખ્યો, વળી એમ પણ કહેતાં હતાં કે આપે મને જીવતો રાખ્યો....અરે.ભાઈ! કોણ.કોને જીવતા રાખે! દેહના જીવન એ કાંઈ જીવન છે! દેહના જીવન તો નહિ પણ વિકારના જીવન એ પણ કાંઈ જીવના જીવન નથી.

અસાધારણ, અનાદિ-અનંત જ્ઞાનને એટલે દ્રવ્યને કારણ બતાવતાં જે કાર્ય આવે તે જીવનું જીવન છે.

વિંછિયાના એક ભાઈ પૂછતાં હતાં કે અમારે તળાવમાં માછલાં ઘણાં છે તે બહાર નીકળી જાય તો મરી જાય તેથી બહાર ન નીકળે એ માટે અમે આડાં પતરાં નખાવીએ છીએ તો એ ભાવમાં અમને પાપ થાય કે ધર્મ થાય! તેને કીધું ભાઈ! એ માછલાં મરી ન જાય એવો તમારો ભાવ છે તેનાથી પુણ્ય થાય પણ ધર્મ ન થાય. એવું જ એકવાર બન્યું એવું કે તળાવ સૂકાઈ જતાં લાખો માછલા મરી જાય એમ હતા. ગામના દરબારે મહાજનને કહેવરાવ્યું કે તમારે માછલાંને બચાવવા હોય તો કાંઈ કરો નહિ તો હું ખાતરમાં નાખી દઈશ. મહાજનલોકો જોરદાર હતા. તરત ત્યાં ગયા ને ગાડા ભરીને માછલાંને લઈ જઈને કૂવાના પાણીમાં નાખ્યા પણ બન્યું એવું કે કૂવાનું પાણી માછલાંને પ્રતિકૂળ પડ્યું હશે તેથી તરત જ બધા માછલાં મરી ગયા. મહાજન લોકોને દુઃખ દુઃખ થઈ ગયું. ભાઈ! તમને કાંઈ માછલાંને મારવાના ભાવ ન હતા. તમારા પરિણામમાં તો અનુકંપાનો ભાવ હતો અને ફળ તો ભાવનું મળે છે. માછલાંનું આયુષ્ય ન હતું તેથી મરી ગયા. કેટલાકને તો બહુ ઘા વાગ્યો, ખાવાનું ન ભાવે....અરે! અમારા હાથે આ શું થયું? ભાઈ! કોઈના હાથની વાત નથી. તમારો ભાવ તો જીવોને બચાવવાનો–અનુકંપાનો હતો.

અહીં તો કહે છે કે કુટુંબના લોકો માટે તું પાપ કરે છો પણ તે કોઈ દુઃખમાં ભાગ નહિ પડાવે. રાગમાં એકત્વબુદ્ધિ કરીને, પરને હું મારું એવા તારા ભાવનું ફળ તને બહુ આકરું પડશે. ઘરમાં દુધપાક, લાડવા અને ભજીયા બનાવ્યા હોય અને તને પાંચ ડીગ્રી તાવ આવ્યો હશે તો ઘરમા બધા ખાશે પણ તું ખાઈ શકીશ? તારું દુઃખ તારે જ ભોગવવું પડે ને! તારા કરેલાં પાપ તારે જ ભોગવવા પડશે. આ પાપની વાત છે, ક્રિયાની નહીં.

શ્રી જિનશાસનમાં હિંસા બે પ્રકારની છે : એક આત્મઘાત અને બીજી પરઘાત. ઊંધી માન્યતા વડે વસ્તુના વાસ્તવિક સ્વરૂપના ભાન વગર અવાસ્તવિક સ્વરૂપ માનીને તે પ્રકારના રાગ-દ્વેષ કરી, દેખેલા, સાંભળેલા અને ભોગવેલા ભોગોની વાંછારૂપ જે તીક્ષ્ણ શસ્ત્ર તેનાથી પોતાના જ્ઞાનાદિ પ્રાણોને હણવા તે નિશ્ચયહિંસા છે. આત્માના આનંદની વાંછા તો છે નહિ, કેમ કે અનાકુળ આનંદસ્વરૂપ આત્માની ભાવના હોય

તો પરને માટે હું આમ કરું એવો અભિપ્રાય ન હોઈ શકે. સમ્યગ્દષ્ટિને જે રાગ આવે છે તે પરને માટે કરતો નથી. પોતાના પુરુષાર્થની ખામીને કારણે અસ્થિરતાવશ રાગ આવે છે, પરના કારણે આવે એમ નથી અને જે રાગ આવે છે તેને સ્વભાવ સાથે એકત્વ પણ માનતો નથી. તેથી પૃથક્ રાખીને જે રાગ થાય તે ઘણો નબળો અને પાતળો થાય છે. મિથ્યાદષ્ટિને રાગમાં એકતા સહિત રાગ થાય છે તેથી તે ઘણો તીખો અનંતાનુબંધી અને મિથ્યાત્વનો રાગ-દ્વેષ થાય છે.

અહા! ચૈતન્ય આનંદના પ્રાણવાળું જેનું સ્વરૂપ છે એવા વાસ્તવિક તત્ત્વની દષ્ટિ વિના પરને મારું, પરને જીવાડું, પરને રાખું, મારી આબરૂ, મારું નામ....એવી ભાવનાથી જે પાપના પરિણામ કરે છો એ તીક્ષ્ણ શસ્ત્રથી તારા આત્માની શાંતિના પ્રાણ લૂંટાય છે. આ નિશ્ચયહિંસા છે. નિશ્ચયહિંસા એ જ ખરી હિંસા છે. બાકી પરજીવને કોઈ મારી કે જીવાડી શકતું નથી. પરજીવના જીવન-મરણકાળે જેના ભાવ નિમિત્ત છે તેને ઉપચારથી અહિંસા-હિંસાનું નામ આપવામાં આવે છે.

અહા! વીતરાગનું જીવન! તારું જીવન ખરું તારું જીવન! જેણે રાગને પૃથક્ રાખી—સંયોગ તો પૃથક્ જ રહ્યા છે અને—સ્વભાવમાં એકત્વ કરી જે કલ્યાણના કાર્ય થઈ રહ્યાં છે એ જ જીવન છે. એવા જીવનને જે હણી નાંખે છે–ભાવપ્રાણનો ઘાત કરે છે તે નિશ્ચયહિંસા છે. સવારમાં સમયસારની સ્તુતિમાં આવે છે ને!

સંસારીજીવના ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધાતણી પ્રભુ વીર તે સંજીવની!

ચિદાનંદ સ્વરૂપની દષ્ટિ કરીને તેમાં એકાગ્ર થા એ તારા જીવનની સંજીવની ઔષધિ છે. કુંદકુંદઆચાર્ય આદિ સંતોએ આ સંજીવનીની સરિતા એટલે નદી વહાવી છે.

પુરુષાર્થસિદ્ધિઉપાયમાં પણ કહ્યું છે કે રાગાદિની ઉત્પત્તિ થવી તે જ હિંસા છે. અહીં પણ નીચે જયધવલનો આધાર આપશે. તેમાં પણ આચાર્યોએ ભાવલિંગી સંતોએ નિશ્ચયહિંસા કહી છે. વીરસેનસ્વામી એટલે ક્ષયોપશમના તો જેને દરિયા ફાટી ગયેલા. જિનસેનસ્વામીને એ વખતે કથા બનાવવાનો વિકલ્પ આવ્યો તો આદિપુરાણ બનાવ્યું. વીતરાગી મુનિ થઈ ગયા, કોઈને દ્રવ્યાનુયોગ તો કોઈને કથાનુયોગ કે કરણાનુયોગ કે ચરણાનુયોગ બનાવવાનો વિકલ્પ આવ્યો પણ ચારેય અનુયોગમાં સાર તો વીતરાગતા

જ કહી છે. જયકુમાર અને સુલોચનાની કથા વાંચીને લોકોને શંકા પડી ગઈ કે મુનિઓ થઈને આવી કથા લખે?.... સ્ત્રી પુરુષના ભોગોનું વર્ણન કરતાં મુનિઓને રાગનું કારણ થતું નથી. કેવળી ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે તેથી શું રાગ થાય છે? શબ્દો રાગનું કારણ થતાં નથી, વિકલ્પને પણ ધર્મી તો જ્ઞેય જાણે છે. પૂજ્યપાદસ્વામીએ વૈદકનું શાસ્ત્ર લખ્યું તો શું એ વૈદ્ય છે? વિકલ્પ આવી ગયો અને લખાઈ ગયું. અન્યમતી કોઈ બાવા અભિમાન કરતાં હોય કે જૈનોના સાધુ શું જાણે? તો આવું વાંચી તેના અભિમાન ઉતરી જાય પણ મુનિઓને તેની સાથે કાંઈ લેવા-દેવા નથી. મુનિ તો વીતરાગી છે. અભિમાનીના અભિમાન ઉતરવાના હોય તો એવા યોગ બની જાય.

ચાર પ્રકારની વિકથા કરવી નહીં એમ કહ્યું છે તેનો અર્થ શું? સ્ત્રી, ભોજન આદિની વાત રાગપૂર્વક ન કરવી. બાકી શબ્દોમાં કાંઈ રાગ નથી. શબ્દો તો જડ છે. વિપરીતભાવને વિકથા કહેવાય છે. વાણીમાં વિકથા નથી રહેલી.

વાસ્તવિક ચીજને સમજ્યા વિના શ્રદ્ધા-જ્ઞાનમાં ઊંધી ખતવણી કરી નાખે છે તેને હિંસા કહેવામાં આવે છે. તેમજ રાગાદિની ઉત્પત્તિ થવી તે પણ નિશ્ચયહિંસા છે કેમ કે આ વિભાવોથી નિજભાવનો ઘાત થાય છે. નિજભાવ એટલે ત્રિકાળીભાવનો ઘાત થતો નથી પણ પર્યાયમાં જે નિજભાવ પ્રગટ કરવો જોઈએ તેને કરતો નથી માટે તેણે ઘાત કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ!

આમ જાણી, રાગાદિ પરિણામરૂપ નિશ્ચયહિંસાનો ત્યાગ કરવો. કારણ આ નિશ્ચયહિંસામાં આત્મઘાત છે. રાગ ખરેખર જીવનું સ્વરૂપ જ નથી. ક્ષણિક વિકલ્પ ઊઠ્યો એ જ શું તારું અસ્તિત્વ છે! રાગ જેટલો જ તું છો? નહિ. માટે છોડ! રાગ તારો નથી. સ્વભાવની દૃષ્ટિએ રાગની પૃથક્તા કરી હિંસાથી બચી જા!

પ્રમાદના યોગથી અવિવેકી થઈને એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય જીવોનો ઘાત કરવો તે પરઘાત છે. પોતાના પ્રમાદના નિમિત્તે બીજા જીવો મરે તેમાં પણ હિંસાનો દોષ લાગે છે. જ્યારે આ જીવ પરજીવનો ઘાત વિચારે છે ત્યારે તેના પરિણામ મલિન થાય છે અને ભાવોની મલિનતા જ નિશ્ચયહિંસા છે માટે પરઘાતરૂપ હિંસા પણ આત્મઘાતનું કારણ છે. આ જૈનશાસનમાં મૂળ હિંસા આદિનું સ્વરૂપ શું કહ્યું છે તે સમજે નહિ અને વ્યવહારના કથનો અનુસાર માની લે તેમાં જ મોટા ગોટા ઊઠે છે. મારવાનો ભાવ થયો એ જ આત્મઘાતનું કારણ છે. માટે જે

હિંસક જીવ છે તે પરજીવોનો ઘાત કરીને મૂળ તો પોતાનો જ આત્મઘાત કરે છે.

આમ, વિકારની ઉત્પત્તિ ન થતાં સ્વભાવની ઉત્પત્તિ થવી તેનું નામ 'નિશ્ચયસ્વદયા' છે અને પરજીવને ન મારવાના શુભરાગને પરદયા કહેવાય છે તે બંનેનું સ્વરૂપ સમજીને હિંસાનો સર્વથા ત્યાગ કરવો. કેમ કે હિંસા જેવું કોઈ અન્ય પાપ નથી. નિશ્ચયહિંસાનું સ્વરૂપ સિદ્ધાંતમાં બીજી જગ્યાએ એટલે કે જયધવલામાં આમ કહ્યું છે કે રાગાદિનો અભાવ તે જ અહિંસા અને રાગાદિની ઉત્પત્તિ તે જ હિંસા છે એમ જિનશાસનમાં જિનેશ્વરદેવે કહ્યું છે. જુઓ આ જયધવલાનો પાઠ!

रागादीणमणुप्पा अहिंसगत्तेति देसिदं समए।

ભગવાનના શાસનમાં ભગવાને રાગાદિની ઉત્પત્તિને જ હિંસા અને રાગાદિના અભાવને જ અહિંસા કહી છે. વ્યવહારહિંસાની વાત આવે તેને વ્યવહાર તરીકે જાણવી જોઈએ. પણ સત્ય તો એક આ જ છે કે રાગાદિની અનુત્પત્તિ તે સ્વદયા અને પ્રમાદરહિત વિવેકરૂપ કરૂણાભાવ તે પરદયા છે. આ સ્વદયા અને પરદયા જ ધર્મનું મૂળ છે. નિશ્ચય તો સ્વદયા છે પણ તેની સાથે આવો વ્યવહારનો વિકલ્પ હોય તેને પણ ધર્મનું મૂળકારણ કહેવામાં આવે છે.

જે પાપી હિંસક હશે તેના પરિણામ નિર્મળ નથી હોતા એ વાત નક્કી છે. પરજીવનો ઘાત તો તેના આયુષ્ય અનુસાર હોય છે. પરંતુ આ પાપીએ જ્યારે પરઘાતનો વિચાર કર્યો ત્યારે જ તે આત્મઘાતી થઈ ગયો. પરજીવનો ઘાત તો તેનું આયુષ્ય પૂરું થાય તો જ થાય, આયુષ્ય પૂરું થયા વગર આ લાખ ઉપાય કરે તોપણ એ મરે નહીં અને આયું પૂરું થયે જીવાડવા માગે તોપણ એ જીવે નહીં. અહીં એક ચકલાનું બચ્ચું પડી ગયેલું તો છોકરાને એમ થયું કે બચ્ચું ઊડી શકે તેમ નથી એટલે ઉપર સૂંડલો ઢાંકી દઈએ તો કોઈ મારે નહીં પણ બચ્ચાનું આયુષ્ય ન હતું તો બિલાડી આવીને ઢાંકેલું ઊંચું કરીને બચ્ચાને ખાઈ ગઈ. લ્યો આમાં છોકરાઓને પાપ લાગે? એના ભાવ તો બચાવવાના હતા તેથી છોકરાઓને પાપ ન લાગ્યું. માટે કહ્યું કે પરજીવનો ઘાત તો તેનાં આયુ અનુસાર છે, તારા પરિણામ અનુસાર નથી.

જે પરઘાત વિચારે છે તેનો સ્વઘાત એ સમયે જ થઈ ચૂક્યો. પ્રવચનસારમાં દૃષ્ટાંત આવે છે કે જે ધગધગતા અંગારાથી બીજાને દઝાડવા જાય છે તેના સ્વયંના હાથ તો પહેલાં જ દાઝે છે. બીજો દાઝે કે ન દાઝે પણ પોતે તો દાઝે જ છે.

આ, ૧૨૫મી ગાથા પૂરી થઈ. હવે ૧૨૬મી ગાથા, તેની ભાષા તો જુઓ!

मारिवि चूरिवि जीवडा जं तुहुँ दुक्खु करीसि।
तं तह पासि अणंत-गुण अवसई जीव लहीसि॥१२६॥

આ ગાથામાં ફરી હિંસાના દોષને નિંદે છે અને દયાધર્મને દૃઢ કરે છે.

અર્થ :—હે જીવ! તું પરજીવોને મારીને, ચૂરો કરીને, દુઃખી કરે છે તેનું ફળ તેની અપેક્ષાએ અનંતગુણા તું નક્કી પામીશ.

પરજીવોને મારવા, ચૂરો કરવા એ બધી હિંસા છે. એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ આદિને ચૂરી નાંખે, અનાજના વેપારમાં ધનેડા આદિ બેઈન્દ્રિય જીવોનો ઘાત થાય 'શું કરીએ! બાયડી છોકરાને નિભાવવા આવા ધંધા કરવા પડે છે.' ભાઈ! તેનું પાપ તો તને જ લાગશે અને તે અનંતગણું થઈને ફળશે. એકવાર ભરૂચથી કિસમીસની પેટી મંગાવી હતી. પાલેજ દુકાનમાં પેટી ખોલી ત્યાં તે એક એક કિસમીસમાં એના જ રંગની ઈયળોથી પેટી ભરેલી હતી. અરે આવા ધંધા! બીજા લોકો તો એમાંથી દારૂ બનાવતા હોય. અરે! આટલા જીવ! પૈસા જાય તો જવા દો પણ આ ન ખવાય.

આ રસ્તા ઉપર જુઓને! ખટારા આદિ વાહનોની નીચે જીવોના ચૂરા બોલી જાય છે. ઉંદર, સર્પો, દેડકાં, કાકીડા આખા ચેપાઈ જાય છે. વાહન ચલાવનારા જોયા વગર ચલાવી દે. એક ગાયને વાહનની એવી ઠોકર વાગી ગઈ કે પગ નકામા થઈ ગયા, ચાલી ન શકે. આમ ને આમ મરી ગઈ. આમ, જીવો દુઃખી થાય છે, માપ વિનાની હિંસા થાય છે તેનું ફળ અનંતગુણું મળશે. પરિણામમાં ક્લિષ્ટતા છે તેથી માપ વિનાની હિંસા થાય છે તેની દરકાર નથી, તેથી ફળ પણ અનંતું ભોગવવું પડશે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીના પરિણામમાં કેવા પાપ થયા કે સીધો સાતમી નરકમાં ગયો. ૭૦૦ વર્ષના આયુષ્યના ફળમાં એને સાગરોપમકાળ સુધી નરકના દુઃખ ભોગવવા પડશે. એક એક મિનિટના પાપના ફળમાં અસંખ્ય અબજ વર્ષનું નરકનું દુઃખ ફળ્યું. માટે, તું દીર્ઘ વિચાર કરીને આવા પાપોથી બચજે, પાપ કરીશ નહીં.

(ક્રમશઃ)

## વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## વીર્ય શક્તિ

(ફેબ્રુઆરીથી ચાલુ)

(स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः।)

તારા ગુણના હાલરડાં ગાઈને જિનવાણીમાતા જગાડે છે કે હે જીવ! તું જાગી જા! મોહનિંદ છોડીને તું જાગ અને તારા આત્મવૈભવને સંભાળ. અમે તને તારા ગુણના એવા ગાણાં સંભળાવીએ કે જેને લક્ષમાં લેતાં આનંદના નિધાન પ્રગટે......ને સર્વજ્ઞસ્વભાવથી ભરેલો આખો આત્મા પ્રતીતમાં આવી જાય.

અનંતગુણનિધાન આત્મામાં જ્યાં દૃષ્ટિ ગઈ ત્યાં આનંદકારી ખળભળાટ થઈને અનંતગુણનું નિર્મળ પરિણમન થવા માંડ્યું ને નિર્મળપર્યાયની રચના થવા લાગી.–આવું આત્માની વીર્યશક્તિનું કાર્ય છે. આત્માના અનંતગુણને પર્યાયમાં પ્રગટ કરીને નિર્મળતાને રચે તે નિશ્ચયવીર્ય છે ને વિકારની રચનારૂપ વ્યવહારવીર્યનો તેમાં અભાવ છે; આવું અનેકાન્ત છે. પણ વીર્યશક્તિ રાગને અને નિર્મળતાને બંનેને રચે એવું અનેકાન્ત અહીં નથી.

વીર્યશક્તિવાળા આત્માને પ્રતીતમાં લે તો સ્વસન્મુખ વીર્યનો જે અંશ ઊછળ્યો તે હવે અધૂરો નહિ રહે કે વિકારમાં નહિ અટકે; તે તો શક્તિના અવલંબને પૂરું કાર્ય કરશે. સ્વભાવસન્મુખ જ્ઞાનનો જે અંશ ઊછળ્યો તે હવે સર્વજ્ઞતાને સાધશે; આનંદનો જે કણ જાગ્યો તે પૂર્ણાનંદને પ્રગટ કરશે.—આમ પ્રતીતના બળે સ્વભાવનો એક અંશ ખૂલતાં પૂર્ણ સ્વભાવવાળો આત્મા પ્રતીતમાં આવી જાય છે.—આનું નામ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું કહેવાય.

જુઓ ભાઈ, આ તો વસ્તુસ્વભાવના ગંભીર રહસ્યો છે. સર્વજ્ઞભગવાને જેવું વસ્તુસ્વરૂપ જાણ્યું તેવું કહ્યું, તે સ્વરૂપ સંતોએ પ્રગટ કર્યું, તેનો મહિમા આવ્યા વગર તે સમજાય નહિ. અજ્ઞાનીને પોતાના આત્માના વૈભવની પ્રતીત બેસતી નથી એટલે

તે રાંકા જેવો થઈને તુચ્છ રાગમાં કે સંયોગમાં રાજી રાજી થઈ જાય છે. પણ અરે ભગવાન! આત્માનું ભાન કરીને જ્યારે તું ચક્રવર્તીના રાજને ને ચૌદનિધાનને તરણાં જેવા સમજીને તું એવાં છોડીશ કે ચૈતન્યના આનંદ આડે તને લક્ષ પણ નહિ રહે કે મેં આ છોડ્યું! અરે, હું તો અનંતગુણનો બાદશાહ, સર્વજ્ઞ જેટલો મારો વૈભવ, તેમાં રાગ કે સંયોગ નથી એવા ભેદજ્ઞાનપૂર્વક સ્વાનુભૂતિ થતાં અતીન્દ્રિય આનંદની લહેજતમાં સંયોગ કેમ કરીને છૂટ્યો ને રાગ છૂટીને ક્યાં ગયો તેનું લક્ષેય નહિ રહે. ધર્મી જાણે છે કે હું તો મારા સ્વ-વીર્યથી મારા કેવળજ્ઞાનને-સુખને-પ્રભુતાને પ્રગટ કરીશ. રાગને કે પામરતાને રચે એવું મારા સ્વ-વીર્યનું કામ નથી પણ તે રાગને અને પામરતાને તોડે એવું મારા સ્વવીર્યનું કામ છે.

અરે! આવા તારા આત્માની વાત સાંભળતા તેનો ઉલ્લાસ તો લાવ. જેની વાત સાંભળતા પણ આનંદની ઊર્મિ ઊછળે તે વસ્તુના અનુભવની શી વાત! એકનો એક વહાલો પુત્ર પરદેશ ગયો હોય, કાંઈ સમાચાર ન હોય ને અચાનક દશ વર્ષે ઘરે આવે, આવે તો ખરો ને સાથે ૪૭ લાખ રૂપીયા કમાઈને લાવે, ત્યાં તેના માતા-પિતાને હૃદયમાં કેવો પ્રેમ ઊછળી જાય છે! વાહ, મારો પુત્ર કમાઈને આવ્યો! અરે, પુત્રને દેખ્યા પહેલાં હજી તો તેના આવવાના સમાચાર સાંભળે ત્યાં પણ હરખ-હરખ થઈ જાય છે. તેમ અહીં અનંતકાળથી ભૂલાયેલી આત્મશક્તિ સંતો ઓળખાવે છે, તેને ઓળખતાં આત્માર્થી જીવો ઉલ્લસિત થાય છે કે વાહ! આવી મારી શક્તિ! ભાઈ, તારી સ્વશક્તિને દેખીને એકવાર આનંદમાં આવી જા ને અનુભવમાં લે. અનુભવ પહેલાં સંતોના શ્રીમુખે એના શ્રવણથી પણ મુમુક્ષનું હદય આનંદથી ઊછળી જાય છે. વાહ! જેના શ્રવણમાં એટલો આનંદ તેના અનુભવના આનંદની શી વાત!! ૪૭ લાખેણી શક્તિનો વૈભવ લઈને તારી નિર્મળ પર્યાયરૂપી પ્રજા તારી પાસે આવે છે-માટે તું આનંદિત થઈને એનો સત્કાર કર. તારામાં અનંતી લક્ષ્મી ભરેલી છે, તે અખૂટ ભંડાર ખુલ્લા કરીને સંતો તને બતાવે છે તે જોઈને હે જીવ! તું પ્રસન્ન થા કે અહો આવી મારી લક્ષ્મી! મારા ભંડારમાં આટલો મહાન વૈભવ! મારામાં આવી અનંત શક્તિ! આવો પવિત્રતાનો પિંડ હું!!-આમ આનંદથી ઊછળી જા... પરિણતિને અંતરમાં વાળ. આત્માની અનંતી લક્ષ્મીના ભેટા થવાનો આ અવસર આવ્યો છે. આ વિકાર કે અલ્પતા હું નહિ. હું તો ચૈતન્યની અનંત શક્તિનો સાગર છું-એમ જ્યાં આત્માનો ભરોસો કરીને અંતરમાં વળ્યો ત્યાં શ્રદ્ધા-જ્ઞાન-આનંદના નિર્મળ અંશો પ્રગટ્યા. આવા શ્રદ્ધા-જ્ઞાન-

આનંદથી પૂર્ણ ભરેલો હું છું–એમ પૂર્ણ સ્વભાવ પ્રતીતમાં આવ્યો એટલે ભગવાન આત્મા તેના અસલી સ્વરૂપે પ્રસિદ્ધ થયો.

આ રીતે ભગવાન આત્માને પ્રસિદ્ધ કરીને નિર્મળ પર્યાયોની રચના કરે તે વીર્યગુણનું કાર્ય છે, તેમાં અશુદ્ધતાનો અભાવ છે એટલે વ્યવહારનો અભાવ છે. જેમ ત્રિકાળી દ્રવ્યમાં ને ગુણમાં વિકારનો અભાવ છે, તેમ તેના આશ્રયે પ્રગટેલી નિર્મળ પર્યાયમાં પણ વિકારનો અભાવ જ છે. સમ્યગ્દર્શન પ્રગટ્યું ને ભેદજ્ઞાન થયું ત્યાં એક સમયની પર્યાયમાં બે ભાવોની વહેંચણી થઈ ગઈ,–નિર્મળભાવ તે આત્માનું કાર્ય અને તે જ વખતે વર્તતો વિકારભાવ તે આત્માનું ખરું કાર્ય નહિ. નિર્મળતા અને વિકાર એ બંનેનું એક હોવું અસંભવિત છે.

જેમ વીરતામાં કાયરતા નહિ, તેમ વીતરાગતામાં વિકાર નહિ. વીર જાગે તેનામાં કાયરતા હોય નહિ; તેમ વીતરાગસ્વભાવ જેણે દૃષ્ટિમાં લીધો તેનામાં રાગની રુચિ હોય નહિ. જ્યારે ધાતુકીખંડનો રાજા પદ્મનાભ અર્જુનની પત્ની દ્રોપદીને હરીને લઈ ગયેલો અને પાંડવો તથા શ્રી કૃષ્ણ તેને પાછી લાવવા માટે પદ્મનાભ સામે લડવા ગયા, ત્યારે પાંડવો તો હારીને પાછા વળ્યા; પછી શ્રી કૃષ્ણ લડવા ઊભા થયા, તેમણે જ્યાં શંખ ફૂંક્યો ત્યાં ત્રીજા ભાગનું લશ્કર ભયભીત થઈને ભાગ્યું; પછી જ્યાં ધનુષ–બાણ હાથમાં લઈને ટંકાર કર્યો ત્યાં વળી બીજો એકભાગ ભાગ્યો ને બાકીનું ભયભીત થઈને શરણે થઈ ગયું. તેમ નિર્મળ પર્યાયરૂપી દ્રોપદીને મેળવવા માટે પાંચ પાંડવરૂપી ઈન્દ્રિયો પાછી પડે છે; કર્મને કૃષનાર કૃષ્ણ એવો આ ચૈતન્યભગવાન જ્યાં જાગ્યો ને સમ્યક્ શ્રદ્ધાનો શંખ ફૂંક્યો ત્યાં મિથ્યાત્વ તો ભાગ્યું, સ્વાનુભૂતિના ટંકારે અજ્ઞાન પણ ભાગ્યું, થોડીક અસ્થિરતા રહી તેનું જોર તૂટી ગયું ને ક્રમેક્રમે તે પણ ભાગવા માંડી. આવી તાકાતવાળો આત્મા છે, તેનામાં અનંતી વીરતા છે પણ પોતાના સામર્થ્યનો ભરોસો પોતાને આવવો જોઈએ.

જેમ મૃગની ડૂંટીમાં કસ્તૂરી હોય ને ચારેકોર તેની સુગંધ પ્રસરે, ત્યાં મૃગ તે સુગંધ બહારમાં ઢુંઢે છે; આવી સરસ સુંગંધ મારામાં જ ભરી છે એવો એને વિશ્વાસ નથી આવતો. પણ જે સુગંધને તે બહારમાં શોધે છે તે તેનામાં જ ભરી છે. તેમ સિદ્ધપદની ને કેવળજ્ઞાનના મહિમાની વાત સાંભળતા જીવ બહારમાં ભગવાન સામે જુએ છે, પણ ભાઈ, એ ભગવાનને જેવું સિદ્ધપદ ને કેવળજ્ઞાન પ્રગટ્યું તેવું સામર્થ્ય

તારા સ્વભાવમાં ભર્યું છે, અંતર્મુખ થઈને જો તો કેવળજ્ઞાનના ભંડાર તને તારામાં જ દેખાશે.

અહો! આત્માના આવા અદ્ભુત આત્માની વાત સાંભળતાં મુમુક્ષુને ઉલ્લાસ આવે ને પરિણતિ રાગમાંથી હટીને ચૈતન્યમાં ઘૂસી જાય એટલે કે સમ્યગ્દર્શન થાય એવી આ વાત સન્તોએ બતાવી છે. સન્તોએ આત્મવૈભવ દેખાડીને મહાન ઉપકાર કર્યો છે.

ભાઈ! તારા સ્વવીર્યની શોભા અને શણગાર તો એમાં છે કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયને રચીને આત્માને શોભાવે. બહારના શણગારથી તારી શોભા નથી, રાગના શણગારથી તારી શોભા નથી. રાગ એ કાંઈ શણગાર નથી, એ તો ભંગાર છે, એનાથી આત્માની શોભા નથી. બહારમાં જરાક પુણ્યનાં ફળ (રાજા વગેરેને) દેખે ત્યાં લોકો મૂર્છાઈ જાય છે. અહીં તો કહે છે કે પુણ્યથી કે તેના ફળથી આત્માની શોભા નથી. આત્માની શોભા તો સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદ, ચારિત્ર, સિદ્ધપદ વગેરે નિર્મળ પર્યાયોના શણગારથી છે. આત્માની શોભા તો પોતાના ભાવથી હોય કે બીજાથી? અને નિર્મળભાવથી હોય કે મલિનભાવથી? મલિનતામાં આત્માની શોભા કેમ હોય? નિર્મળ પરિણતિ કે જે આત્મા સાથે અભેદ થાય છે તેના વડે જ આત્માની શોભા છે. જ્ઞાનની શોભા એમાં છે કે નિર્મળ થઈને આત્માને જાણે ને કેવળજ્ઞાનના પવિત્ર તરંગ ઊછાળે; શ્રદ્ધાની શોભા એમાં છે કે નિર્મળ થઈને શુદ્ધ આત્માને પ્રતીતમાં લ્યે; ચારિત્રની શોભા એમાં છે કે અતીન્દ્રિય આનંદમાં આત્માને લીન રાખે, વીર્યશક્તિની શોભા એમાં છે કે સ્વવીર્યથી આત્માના અનંતગુણથી નિર્મળ પર્યાયોને રચે. આવી શક્તિવાળો આત્મા જેને પ્રતીતમાં આવે તેને અનંતગુણમાં નિર્મળતાના અંકુર ખીલ્યા ને હવે વધીને અલ્પકાળમાં કેવળજ્ઞાન અને મોક્ષરૂપી ફળ પાકશે. એકેક પર્યાયમાં અનંતા ગુણોનો રસ ભેગો છે; પર્યાયમાં બધા ગુણોનું પરિણમન સવળું થઈને વિકસવા લાગ્યું એટલે ભગવાન આત્મા પોતાના અનંતવૈભવસહિત પર્યાયમાં પ્રસિદ્ધ થયો.

આત્મા અનંતગુણનો સાગર છે ને તેના એકેક ગુણમાં અનંતગુણના રસનો સાગર ભર્યો છે. લક્ષણભેદ હોવા છતાં બધા ગુણોનો સર્વથા ભેદ નથી એટલે સ્વાનુભવમાં સર્વ ગુણોનો રસ સમાઈ જાય છે.

આવું વસ્તુસ્વરૂપ સમજે તો આત્માની સાચી કિંમત સમજાય. આ ચૈતન્યરત્ન

જગતમાં સર્વશ્રેષ્ઠ છે. આવો ચૈતન્યહીરો હાથ આવ્યો છે, એના અનુભવનો અવસર આવ્યો છે, પણ અજ્ઞાનીને તેની કિંમત ભાસતી નથી, રાગના કર્તૃત્વમાંથી તે ઊંચો આવતો નથી. એને તો, 'હીરો આવ્યો હાથ પણ મૂર્ખ ભરવાડે બકરીના કાને બાંધ્યો' એના જેવું છે. ચૈતન્યહીરો હાથ આવ્યો છે પણ મૂર્ખ–અજ્ઞાની ભરવાડ જેવો તેને રાગના કર્તૃત્વરૂપી બકરીની ડોકે બાંધે છે; ચૈતન્યરત્નને તે ભોગમાં ને રાગમાં વેડફી નાખે છે. જેમ એક મૂર્ખાએ હાથ આવેલો ચિંતામણિ કાગડાને ઉડાડવા માટે ફેંકી દીધો તેમ અજ્ઞાની ચૈતન્યરત્નના અનુભવના આ અવરસને ગુમાવી દે છે. અરે ભાઈ! ચૈતન્યહીરાનો અપાર મહિમા છે, આખા જગતના વૈભવ વડે પણ એનાં મૂલ્ય થાય તેમ નથી; તેને સાધવાનો આ અવસર આવ્યો છે. આવા ટાણે સાચા જીવનો પુરુષાર્થ ઉલ્લસી જાય. એ જગત સામું જોવા રોકાય નહિ. જેમ રણે ચડેલા રજપૂતનું શોર્ય છૂપે નહિ,–એ કાંઈ એવા ટાણે બાયડીનાં મોઢાં જોવા રોકાય નહિ; તેમ ચૈતન્યને સાધવા માટે શૂરવીર થઈને જે રણે ચઢ્યો છે તેની વીરતા ટાણાં આવ્યે ઉલ્લસી જાય, તે જગતના રાગમાં રોકાય નહિ, એ તો સ્વભાવ તરફ ઉલ્લસી જાય. ચૈતન્ય–રાજા જાગ્યો તો પૂર્ણતાની પ્રતીત વડે મોહને મારીને કેવળજ્ઞાનનાં રાજ લેશે ને અનંતગુણના આત્મવૈભવથી શોભી ઊઠશે. 'રાજતે શોભતે તે રાજા' એટલે અનંતા ગુણોની સ્વપરિણતિમાં જે રાજે—શોભે તે સાચો રાજા છે, બાકી તો બધા જગતના ભિખારી છે. રાજા તો તેને કહેવાય કે જે કેવળજ્ઞાનાદિનું રાજ લઈને સ્વતંત્રપણે શોભે; જેના ઉપર બીજું કોઈ હોય નહિ. न खलु समयसारात् उत्तरं किंचिदस्ति એટલે કે સમયસાર એવો જે શુદ્ધાત્મ–રાજા તેનાથી ઊંચું ખરેખર કાંઈ નથી. રાગ તો મલિનતા છે, ચૈતન્યરાજાની શોભામાં એવી મલિનતા હોય નહિ.

જુઓ, આત્માના વીર્યસામર્થ્યનું આ વર્ણન ચાલે છે. આકાશની અવગાહનશક્તિ જે ક્યાંય પૂરી થતી નથી એવા અમાપ આકાશને જાણવાની જેની તાકાત, તેના ભાવસામર્થ્યની શી વાત! જેમ આકાશમાં ક્ષેત્રસામર્થ્ય (અવગાહનશક્તિ) અનંત–અમાપ છે, તેમ ભગવાન આત્મામાં ભાવસામર્થ્ય (જ્ઞાન-આનંદ વગેરેની શક્તિ) તેનાથી પણ અનંતગુણી અમાપ છે. આ જગતમાં એક આત્મા જ એવું તત્ત્વ છે કે જેને જાણતાં આનંદ થાય છે. આ આત્માની શક્તિ અમાપ છે, એમાં કોઈ હદ નથી, થાક નથી, રુકાવટ નથી. વિકલ્પથી જેનો પાર ન પમાય એવો કોઈ અચિંત્ય સ્વભાવ છે, અપાર એનો મહિમા છે.

અત્યારે પણ આત્મા ભાવોથી ભરેલો છે. ચારે બાજુ ક્યાંય જેનો છેડો નથી એવા આકાશને પણ જાણે છે કોણ? ક્ષેત્રથી ભલે તે મોટું, પણ તેને જાણે છે કોણ? જાણનાર તો આત્મા છે; એના ગુણોના મહિમાની શી વાત! એકેક ગુણના સામર્થ્યમાં જાણે આખું દ્રવ્ય સમાઈ જતું હોય! એવા સામર્થ્યનો દરિયો એકેક ગુણમાં ભર્યો છે. ને એવા અનંત ગુણનો સાગર આ ચૈતન્યરત્નાકર છે. અહા! આત્માની એકેક શક્તિનું અદ્‌ભુત માહાત્મ્ય આચાર્યદેવે પ્રસિદ્ધ કર્યું છે. ટૂંકા વર્ણનમાં તો શક્તિના ગંભીર ભાવો ભરી દીધા છે.

આત્માની શક્તિમાં અનંતી પ્રભુતા ભરી છે. આકાશની અનંતતા કરતાં ભાવ અપેક્ષાએ જ્ઞાનની અનંતતા ઘણા મોટી છે. આકાશના અનંતાનંત અવિભાગ–પ્રતિચ્છેદો કરતાં કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદો એટલા બધા વધારે છે કે આકાશના અવિભાગ અંશોનો અનંતવાર વર્ગ કરવામાં આવે તોપણ કેવળજ્ઞાનનું માપ નીકળી ન શકે. એ કેવળજ્ઞાનના અચિંત્ય સામર્થ્યની શી વાત! એવા અનંતા કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત જ્ઞાનગુણમાં ભરી છે; ને એવા–એવા અનંતગુણોનો વૈભવ આત્મામાં છે. આત્માની એક નિર્મળ પર્યાયમાં એ બધા ગુણોનો ભાવ ઉલ્લસે છે.

આવા આત્મવૈભવને પ્રતીતમાં લઈને સ્વવીર્યથી શ્રદ્ધા-જ્ઞાન-આનંદની નિર્મળ પર્યાયોને રચવી તે આત્માની વીર્યશક્તિનું કાર્ય છે.

આ રીતે વીર્યશક્તિનું વર્ણન પૂરું થયું. *(ક્રમશઃ)*

---

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૮મી જન્મજયંતી (તા. ૧૧-૮-૨૦૧૧ થી તા. ૧૫-૮-૨૦૧૧)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૯-૮-૨૦૧૧, મંગળવારથી તા. ૨૮-૮-૨૦૧૧, રવિવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

# દરેક જીવ-પુદ્‌ગલની ભિન્ન ભિન્ન પરિણતિ

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૨)

હવે, જીવ અને પુદ્‌ગલની ભિન્ન ભિન્ન પરિણતિનું કથન કરે છે :—

**''જુદા જુદા રૂપે જીવદ્રવ્યની પરિણતિ તથા જુદા જુદા રૂપે પુદ્‌ગલ દ્રવ્યની પરિણતિ છે; તેનું વિવરણ : એક જીવદ્રવ્ય જે પ્રકારની અવસ્થા સહિત અનેક આકારરૂપ પરિણમે તે પ્રકાર અન્ય જીવથી મળતો આવે નહિ; અન્ય જીવનું તેનાથી અન્ય અવસ્થારૂપ પરિણમન હોય. એ પ્રમાણે અનંતાનંત સ્વરૂપ જીવદ્રવ્ય અનંતાનંત સ્વરૂપ અવસ્થાપૂર્વક વર્તી રહ્યા છે. કોઈ જીવદ્રવ્યના પરિણામ કોઈ પણ અન્ય જીવદ્રવ્યથી મળતા આવે નહિ.**

**એ જ પ્રમાણે એક પુદ્‌ગલપરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્‌ગલપરમાણુ દ્રવ્યથી મળતી આવે નહિ; તેથી પુદ્‌ગલ-પરમાણુદ્રવ્યની પણ અન્ય-અન્યતા જાણવી.''**

સંસાર અવસ્થામાં જીવ અને પુદ્‌ગલોનો સંયોગ હોવા છતાં બંનેની પરિણતિ જુદી જુદી જ છે; કોઈ એકબીજાની પરિણતિમાં કાંઈ કરતા નથી. વળી સંસારમાં કોઈ પણ બે જીવની પરિણતિ બધી રીતે મળતી આવે નહિ, કાંઈક ને કાંઈક ફેર હોય જ. સિદ્ધમાં બધા જીવો ગુણમાં સરખા પણ સંસાર તો ઉદયભાવ છે, તેમાં કોઈ એક જીવ અનેક આકારરૂપ એટલે કે અનેક પ્રકારની અવસ્થારૂપ જે રીતે પરિણમે તે બીજા જીવ સાથે સર્વ પ્રકારે મળતું આવે નહિ. કેવળજ્ઞાનાદિ કોઈ પ્રકારે સરખા હોય પણ ઔદયિકભાવમાં કોઈને કોઈ પ્રકારની વિશેષતા હોય છે.—એવો જ સંસારનો સ્વભાવ છે.

જેમ જીવોની અવસ્થામાં ભિન્નભિન્ન પ્રકારો છે તેમ તેના નિમિત્તરૂપ પુદ્‌ગલ-કર્મની અવસ્થામાં પણ ભિન્નભિન્ન પ્રકારો છે. કોઈ બે પરમાણુની અવસ્થા સર્વ પ્રકારે એકબીજાને મળતી આવે નહિ.

જુઓ તો ખરા, આ વસ્તુસ્વભાવ! એક જ શરીરમાં અનંતા નિગોદ જીવો રહેલા

છે, બધાય વચ્ચે શરીર એક જ, છતાં પરિણતિ બધાયની ભિન્નભિન્ન; દરેકની પરિણતિમાં કંઈક ને કંઈક જુદો પ્રકાર છે. એક જ શરીરમાં રહેલા અનંતા નિગોદ જીવોમાં કોઈ ભવ્ય હોય, કોઈક અભવ્ય પણ હોય. અનંતા ભવ્યોમાં પણ કોઈ અલ્પકાળમાં મોક્ષ જનાર હોય ને કોઈ અનંત કાળેય મોક્ષ ન જાય એવા હોય. સંસારના જીવોની આવી વિચિત્રતાનું જ્ઞાન તે વીતરાગતાનું કારણ છે. જગતના જીવો અને પુદ્‌ગલો પોતપોતાના સ્વભાવથી જ વિવિધ પરિણતિવાળા છે, તેમાં બીજો શું કરે? દ્રવ્યસ્વભાવે બધા જીવો સરખાં છતાં પરિણતિમાં બધાયને ફેર. 'આમ કેમ?'–કે એનું દ્રવ્ય એ પ્રકારે પરિણમ્યું, તેમાં બીજો શું કરી શકે? જ્ઞાતા હોય તે જાણે ને અજ્ઞાની કર્તાબુદ્ધિનો મોહ કરે. જીવ પોતાની જ્ઞાનપરિણતિને કરે અથવા મોહપરિણતિને કરે પણ પરમાં તો કાંઈ જ ન કરે. જીવ અને પુદ્‌ગલ દરેકનું સ્વતંત્ર–પરિણમન એ જગતની વસ્તુસ્થિતિ છે. 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्'–તે પોતાથી જ છે, બીજો કોઈ તેનું કારણ નથી. પરમાણુઓ પણ પોતાના સ્વભાવસામર્થ્યથી ભરેલા જડેશ્વર છે; બે પરમાણુની અવસ્થા સર્વથા સરખી ન હોય. આકાર ભલે સરખો હોય, પણ વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિ અનંત ગુણોની પરિણતિમાં ક્યાંક ને ક્યાંક ફેરફાર હોય જ. આ રીતે સંસારમાં દરેક જીવ અને દરેક પરમાણુની અવસ્થામાં કંઈક ને કંઈક ફેર હોય જ છે. આ દરેક દ્રવ્યના પરિણમનની અત્યંત સ્વતંત્રતા બતાવે છે.

સંસાર-અવસ્થામાં રહેલા જીવની અંદર જે બની રહ્યું છે તેની આ વાત છે. સર્વજ્ઞદેવે જાણેલું આ અલૌકિક વિજ્ઞાન છે. તેરમા–ચૌદમા ગુણસ્થાને કેવળજ્ઞાનસામર્થ્ય બધા જીવોનું સરખું પણ ઔદયિકભાવમાં બધાયને ફેર; કોઈ પણ બે સંસારી જીવના પરિણામ સર્વ પ્રકારથી મળતા આવે નહિ–એવો જ અહેતુકસ્વભાવ છે. શુદ્ધનયથી બધા જીવો દ્રવ્યસ્વભાવે સરખા, બધાય જીવો અનાદિથી વર્તમાન સુધી આવ્યા છે, છતાં કોઈ સિદ્ધ, કોઈ સંસારી, કોઈ સર્વજ્ઞ, કોઈ અલ્પજ્ઞ, કોઈ વીતરાગી, કોઈ રાગી, કોઈ જ્ઞાની, કોઈ અજ્ઞાની; એક ગુણસ્થાનવર્તી અનેક જીવોના પરિણામોમાં પણ વિચિત્રતા; છઠ્ઠા ગુણસ્થાને કોઈને ચાર જ્ઞાન હોય, કોઈને ત્રણ જ્ઞાન હોય, કોઈને બે જ જ્ઞાન હોય, બે જ્ઞાનવાળા પણ કોઈવાર ચાર જ્ઞાનવાળા કરતાં પહેલાં કેવળજ્ઞાન પામી જાય; એક જીવ પહેલાં કેવળજ્ઞાન પામીને દેશન્યૂન ક્રોડપૂર્વ સુધી અર્હંતપદે વિચરે ને બીજો જીવ તેના પછી કેવળજ્ઞાન પામીને તેના પહેલાં સિદ્ધ થાય;–આમ સંસારી જીવના પરિણામોમાં અનેક વિચિત્રતા છે. એ જ રીતે પુદ્‌ગલદ્રવ્યના પરિણામમાં પણ વિવિધતા

છે. અનંતાનંત પરમાણુઓમાંથી એક પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા બીજા પરમાણુની અવસ્થા સાથે સર્વ પ્રકારે મળતી આવે જ નહિ. જોકે પરમાણુ એકપ્રદેશી જ છે તેથી તેના ક્ષેત્ર–આકારમાં ફેર ન હોય એટલે કે એકએક પરમાણુનો આકાર સરખો જ હોય પણ તેના વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિની પરિણતિના પ્રકારમાં કંઈક ને કંઈક ફેર હોય છે. આ રીતે વિભાવમાં દરેક જીવ અને દરેક પુદ્ગલની યોગ્યતા જુદા જુદા પ્રકારની છે. જુઓ, સ્વભાવમાં અનંતા જીવોને સમાનતા છે પણ વિભાવમાં સમાનતા નથી, વિભાવમાં દરેક જીવની લાયકાત જુદા જુદા પ્રકારની છે.

જુઓ, અમુક લોકો કહે છે કે જગતમાં અનંતા જીવોની ભિન્ન ભિન્ન સત્તા નથી, બધું થઈને એક જ અદ્વૈતબ્રહ્મ છે; અને અહીં જૈનસર્વજ્ઞ કહે છે કે જગતમાં અનંત જીવોની સત્તા છે અને દરેક જીવના પરિણામ ભિન્ન ભિન્ન વિચિત્રતા સહિત છે.—કેટલો મોટો ફેર? પોતાનું સ્વતંત્ર પરિપૂર્ણ અસ્તિત્વ જ જે ન માને તે પૂર્ણતાને ક્યાંથી સાધે? દરેક જીવનું સ્વતંત્ર અસ્તિત્વ, પરિણામની અનંત પ્રકારની વિચિત્રતા, તે વિચિત્રતામાં નિમિત્તરૂપ કર્મોમાં પણ અનંત પ્રકારની વિચિત્રતા, આ બધું ભગવાન સર્વજ્ઞના જૈનમત સિવાય બીજે ક્યાંય હોય નહિ.

પ્રશ્ન :—દરેક જીવના પરિણામમાં વિચિત્રતા છે, સંસારમાં કોઈ બે જીવના પરિણામ સર્વ પ્રકારે સરખા ન હોય–એમ અહીં કહ્યું, પરંતુ ગુણસ્થાનવર્ણનમાં તો કહ્યું છે કે અનિવૃત્તિકરણમાં બધા જીવોના સરખા પરિણામ હોય છે?

ઉત્તર :—ચારિત્રસંબંધી અમુક પરિણામોની અપેક્ષાએ ત્યાં સરખાપણું કહ્યું છે, પરંતુ ત્યાં કોઈ બધા પરિણામોનું સરખાપણું નથી; જ્ઞાનાદિ પરિણામોમાં તેમ જ અઘાતિકર્મો સંબંધી બીજા અનેક ભાવોમાં ત્યાં વિચિત્રતા છે. તે જ ગુણસ્થાને કોઈને ચાર જ્ઞાન, કોઈને બે જ્ઞાન હોય, કોઈને ત્રણ જ્ઞાન હોય, કોઈને અલ્પ આયુ હોય, કોઈને ઘણું હોય, કોઈને એક ધનુષની અવગાહના હોય, કોઈને સવા પાંચસો ધનુષની અવગાહના હોય, કોઈ એકાવતારી હોય, કોઈ તદ્ભવ મોક્ષગામી હોય–ઈત્યાદિ અનેક પ્રકારની વિચિત્રતા હોય છે. સંસારમાં કોઈ બે જીવોના પરિણામમાં કદાચિત્ કોઈ અમુક પ્રકારથી મળતાપણું હોય પરંતુ સર્વ પ્રકારે સરખાપણું હોય નહિ. કેવળજ્ઞાનાદિ સામર્થ્યમાં સરખાપણું થાય પરંતુ ઉદયભાવમાં કદી બે જીવોને સરખાપણું થાય નહિ. સર્વજ્ઞકથિત જિનમાર્ગની જેને આસ્થા હોય તેને જ આ વાત હૃદયમાં ઊતરે એવી છે.

આ વચનિકામાં છેલ્લે પં. બનારસીદાસજી પોતે જ કહે છે કે આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવળીવચન-અનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્ય અનુસાર કલ્યાણ થશે. 'કેવળીવચન-અનુસાર' એમ કહ્યું એટલે જેને સર્વજ્ઞ-કેવળીની પ્રતીત બેસે તેને જ આ વાત સમજાય; એવી આ પરમાર્થ વચનિકા છે.

સંસારમાં અનંતા જીવો, અનંતાનંત પરમાણુઓ; તે દરેક પોતપોતાના ગુણો-પર્યાયો સહિત અને તે દરેકના પરિણામ ભિન્ન ભિન્ન પ્રકારના, કોઈના પરિણામ બીજાની સાથે સર્વ પ્રકારે મળતા આવે નહિ;--આટલી વાત કરી. હવે તે જીવ અને પુદ્‌ગલોની અવસ્થાઓનું વિશેષ વર્ણન કરે છે.

*(ક્રમશઃ)*

❀

---

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી છેલ્લા એક વર્ષમાં નીચે મુજબનાં શાસ્ત્રો પ્રકાશિત થયાં

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|
| ૧. | અધ્યાત્મસંદેશ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૨. | નિયમસાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૩. | નિયમસાર હરિગીત | ગુજરાતી | ૩૦૦૦ |
| ૪. | મોક્ષમાર્ગપ્રકાશક | હિન્દી | ૧૦૦૦ |
| ૫. | દેવ-શાસ્ત્ર-ગુરુ આરતી તથા પ્રાસંગિક ભક્તિ | હિન્દી | ૨૦૦૦ |
| ૬. | મૂલમેં ભૂલ | હિન્દી | ૨૦૦૦ |
| ૭. | સમયસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૮. | જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા | ગુજરાતી | ૧૦૦૦ |
| ૯. | જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૧ | ગુજરાતી | ૩૦૦૦ |
| ૧૦. | જૈન પૌરાણિક લઘુકથાએં ભાગ-૧ | હિન્દી | ૨૦૦૦ |
| ૧૧. | રત્નકરંડક શ્રાવકાચાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૨. | અષ્ટપ્રાભૃત હરિગીત | ગુજરાતી | ૩૦૦૦ |
| ૧૩. | યુગસ્રષ્ટા ગુરુદેવશ્રી કાનજીસ્વામી | ગુજરાતી | ૧૫૦૦ |
| ૧૪. | સુવર્ણપુરી તીર્થ પૂજન વિધાન | હિન્દી | ૩૦૦૦ |
| ૧૫. | મોક્ષમાર્ગ પ્રકાશક | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૬. | પ્રતિક્રમણ | ગુજરાતી | ૩૦૦૦ |
| ૧૭. | દસલક્ષણ વિધાન પૂજા | હિન્દી | ૨૦૦૦ |

### નીચેના શાસ્ત્રો ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|
| ૧. | આલોચના | ગુજરાતી | ૩૦૦૦ |
| ૨. | છહઢાળા | ગુજરાતી | ૩૦૦૦ |
| ૩. | મહારાણી ચેલણા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૪. | ભગવાન પારસનાથ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૫. | બહિનશ્રીકે વચનામૃત | હિન્દી | ૧૦૦૦ |
| ૬. | સમયસાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૭. | પ્રવચનસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૮. | પંચાસ્તિકાય | ગુજરાતી | ૧૫૦૦ |
| ૯. | વસ્તુવિજ્ઞાનસાર | ગુજરાતી | ૧૫૦૦ |
| ૧૦. | જિનેન્દ્ર પૂજા સંગ્રહ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૧. | શાસ્ત્ર-સ્વાધ્યાય | ગુજરાતી | ૧૫૦૦ |
| ૧૨. | મોક્ષશાસ્ત્ર | ગુજરાતી | ૧૦૦૦ |
| ૧૩. | પરમાત્મપ્રકાશ | ગુજ+હિન્દી | ૧૫૦૦ |

**વચનામૃત વર્ષ પ્રશ્નપત્ર ક્રમાંક ૬, જૂન મહિનાનું અને ક્રમાંક ૭, જુલાઈ મહિનાનું એક સંયુક્ત પ્રશ્નપત્ર જુલાઈ મહિનામાં પ્રકાશિત થશે.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૨૦ | : જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર કળશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૮, શુક્રવાર તા. ૮-૭-૨૦૧૧ થી અષાઢ સુદ ૧૫, શુક્રવાર તા. ૧૫-૭-૨૦૧૧—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક મનાવવામાં આવશે.

**વીરશાસન જયંતી :**—અષાઢ વદ ૧ તા. ૧૬-૭-૨૦૧૧ શનિવાર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે. આ પર્વ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

**શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી, વિંછીયા, શ્રી રૂપાળીબેન તથા શ્રી અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, લંડન હસ્તે પૌત્ર ડો. મીલન (મયંક), પૌત્રી વિમલ, અલીસા તથા શ્રી જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી ભગવાન બાહુબલી મુનિન્દ્રની ભવ્ય પ્રતિમાના સુવર્ણપુરીમાં આગમન મહોત્સવની ખુશાલીમાં જૂન માસના આત્મધર્મ અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

**રૂા. ૧૦,૦૦૦/— સ્વ. ચંદ્રાબેન હરગોવિંદદાસ દેસાઈના સ્મૃતિદિન નિમિત્તે હ. શીવલાલ હરગોવિંદદાસ દેસાઈ, ભાવનગર તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.**

## વૈરાગ્ય સમાચાર :

કાનાતળાવનિવાસી (હાલ-બોરીવલી) શ્રી નાગજીભાઈ લાખાભાઈ પટેલના સુપુત્ર વિશાલ (વર્ષ–૨૮) તા. ૮-૩-૧૧ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી રમણિકલાલ સુંદરજી ગોસલીયા (વર્ષ–૮૨) તા. ૪-૫-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી વિજયભાઈ ચંદુભાઈ સંઘવી (વર્ષ-૫૮) તા. ૧૬-૪-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

**સુધારો** :—ગતાંકના 'વૈરાગ્ય સમાચાર'માં ત્રીજા સમાચારમાં સ્વર્ગસ્થ લાલચંદ દોશીના બદલે 'સ્વર્ગસ્થ રમણિકભાઈ દોશી'–સુધારીને વાંચવું.

---

* જિસ સંસારમેં પૃથ્વીકો ઉલટાનેમેં, આકાશમાર્ગસે ચંદ્ર–સૂર્યકો ઉતાર ફેંકનેમેં, વાયુકો અચલ કરનેમેં, સમુદ્રકે જલકો પી ડાલનેમેં તથા પર્વતકો ચૂર્ણ કરનેમેં સમર્થ પુરુષ મૃત્યુકે મુખમેં પ્રવેશ કરતે હૈં, વહાં દૂસરોંકી ક્યા સ્થિતિ હૈ? ઠીક હી હૈ, જિસ બિલમેં વનોંકે સાથ પર્વત સમા જાતા હૈ ઉસમેં પરમાણુકા સમા જાના કૌનસી બડી બાત હૈ? *(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

* જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય છે અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે. *(શ્રી નિયમસાર)*

* તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ-સ્થિતિમાં ક્યાં સુધી રહે? બહુ અલ્પકાળ અને તે પણ અનિયત. તેથી હે ભવ્ય! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતા કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે, કારણ જીવન-સમય બહુ સાંકડો છે.

*(શ્રી આત્માનુશાસન)*

* જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી.

*(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

* મારું મરણ નથી તો મને ડર કોનો? મને વ્યાધિ નથી તો મને પીડા કેવી? હું બાળક નથી, હું યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ પુદ્‌ગલની છે.

*(શ્રી ઇષ્ટ-ઉપદેશ)*

શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ અને કહાન એક્સપ્રેસ યાત્રીગણ દ્વારા

*અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી*

*પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની*

# ૯૮મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓની ૯૮મી જન્મજયંતી આ વર્ષે શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ અને કહાન એક્સપ્રેસ યાત્રીગણ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૮મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૧-૮-૨૦૧૧, ગુરુવાર થી તા. ૧૫-૮-૨૦૧૧, સોમવાર–પાંચ દિવસ સુધી શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર-જિનબિંબ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૯-૮-૨૦૧૧થી તા. ૨૮-૮-૨૦૧૧—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ–ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧૦-૭-૨૦૧૧ રવિવારના દિવસે રાખવામાં આવેલ છે.

**નિમંત્રક** : શ્રી કુંદકુંદ-કહાન પરિવાર
યુવક મંડળ તથા કહાન એક્સપ્રેસ
યાત્રીગણના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ આત્મ-જિજ્ઞાસુ જીવ પ્રશ્ન કરે છે કે હે પ્રભો! આપે જે અબદ્ધ-અસ્પૃષ્ટ આદિ ભાવવાળો આત્મા કહ્યો તેનો અનુભવ કેમ થઈ શકે? કારણ કે અમને તો બદ્ધ-સ્પૃષ્ટત્વ, અન્યત્વ, અનિયત્વ, વિશેષત્વ તથા સંયુક્તત્વ એવા ભાવોરૂપે જ આત્મા દેખાય છે. ત્યારે આચાર્યદેવ કહે છે કે બદ્ધસ્પૃષ્ટાદિ ભાવો ઉપર ઉપર તરતા ભાવો છે, સ્વભાવમાં પ્રવેશ પામતા નથી, વિનાશી છે, તેથી અભૂતાર્થ છે, તે ભાવો પર્યાયમાં જ છે, ત્રિકાળીમાં તેઓ નથી, તેઓ કાયમી નથી, તેથી અસત્યાર્થ હોવાથી ભૂતાર્થ સ્વભાવના આશ્રયે અબદ્ધ-અસ્પૃષ્ટત્વાદિ ભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ જરૂર થઈ શકે છે. ૫૬૯.

❀ જેમ આંખ પરમાં કરવા–વેદવાની કોઈપણ ક્રિયા કરતું નથી, માત્ર પરમાં જે કોઈ ક્રિયા થાય છે તેને જાણે છે; તેમ જ્ઞાન પણ પર ચીજનું કાંઈ કરતું નથી કે ભોગવતું નથી, જ્ઞાતા-દૃષ્ટાપણે જગતને જ્ઞેયપણે જાણે જ છે. જડને કારણે જડની અવસ્થા થાય છે અને તે અવસ્થાનું વેદન જડમાં થાય છે, આત્મા જડની તે અવસ્થાને કરતો નથી કે જડની તે અવસ્થાને ભોગવતો નથી. ૫૭૦.

❀ ભગવાન ને ભગવાનની વાણી, શાસ્ત્ર આદિ ભાવેન્દ્રિય દ્વારા ગ્રહવામાં આવતા ઇન્દ્રિયના વિષયો છે, જણાવાયોગ્ય પરજ્ઞેયો છે. ભગવાનની વાણીથી કે શાસ્ત્રથી અર્થાત્ ઇન્દ્રિયના વિષયોથી મને લાભ થશે એવી માન્યતા જ મિથ્યા છે. ઇન્દ્રિયના વિષયથી લાભ થશે એમ માનનાર પરજ્ઞેયને તથા જ્ઞાયકને એકરૂપ માને છે. ગ્રાહ્ય-ગ્રાહકલક્ષણ-સંબંધની નિકટતાને લીધે જાણે તેઓ પરસ્પર એકમેક થઈ ગયેલાં હોય એમ દેખાવાથી, પરજ્ઞેયોનું તથા રાગનું જ્ઞાન થતાં તેના લીધે જ્ઞાન થયું એવી એકતાબુદ્ધિ અજ્ઞાનીને વર્તે છે. જે કોઈ ઇન્દ્રિયના વિષયો છે તથા રાગાદિ છે તે સઘળાય જણાવા લાયક પરજ્ઞેયો છે—ગ્રાહ્ય છે ને તેને જાણતી જ્ઞાનની પર્યાય તે ગ્રાહક છે, તે બંને સર્વથા ભિન્ન છે. પરંતુ જ્યાં સુધી ગ્રાહક એવી જ્ઞાનની પર્યાય પરજ્ઞેયોને જ ગ્રાહ્ય બનાવે છે ત્યાં સુધી અજ્ઞાનીને તે બે વચ્ચે પરસ્પર એકપણું અનુભવાય છે. ૫૭૧.

❀

આત્મધર્મ
જૂન-૨૦૧૧
અંક-૧૦ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# * એવા દેશને છોડી દેવો જોઈએ *

* જહાં ધર્મકા નાશ હો, ક્રિયા બિગડતી હો તથા સમીચીન સિદ્ધાંતકા લોપ હોતા હો ઉસ જગહ સમીચીન ધર્મક્રિયા ઔર સિદ્ધાંતકે પ્રકાશનાર્થ બિના પૂછે ભી વિદ્વાનોંકો બોલના ચાહિયે, ક્યોંકિ યહ સત્પુરુષોંકા કાર્ય હૈ.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ—૯, શ્લોક-૧૪ )

* જે દેશાદિના નિમિત્તે સમ્યગ્દર્શન મલિન થતું હોય અને વ્રતોનો નાશ થતો હોય એવા તે દેશ, તે મનુષ્ય, તે દ્રવ્ય તથા તે ક્રિયાઓનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર ગાથા-૨૬)

* કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુને માનનારા અને એકાંત મિથ્યાત્વને સેવનારાઓનો સંગ ધર્મી અથવા આત્માર્થી કદી ન કરે. જૈનસાધુ નામ ધરાવનારા કુલિંગી કે જે યુક્તિ, ન્યાય, દલીલ અને દૃષ્ટાંત આપી આપીને મિથ્યા માન્યતાને પુષ્ટ કરાવતાં હોય તેનો સંગ પણ શ્રાવક કદી ન કરે, તેના પરિચયમાં મોટું માન મળતું હોય તોપણ શ્રાવક ત્યાં ન જાય.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org

